ગાંધીનગર સમાચાર

તા. ૧૧-૬-૨૦૧૫, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી....

### ઓપરેશન ઑલ આઉટ : ઈંટનો જવાબ પથ્થરથી વાળતું ભારતીય સૈન્ય

એક સાથે અઢાર જવાનોના ધૃણાસ્પદ હત્યા કરીને આતંકવાદી જૂથો કોઇ મોટી સિદ્ધિ હાંસલ કરી હોય એમ જાહેરમાં એની જવાબદારી સ્વીકારતાં હોય ત્યારે વિશ્વની ઊભરતી મહાસત્તાને દુનિયા સમક્ષ ભોંઠપ જ અનુભવવી પડે. વળી પાકિસ્તાનની સાથે જોડાયેલી સરહદ પર છાશવારે છમકલાં થતાં રહે છે અને હાફિઝ સઇદ જેવા રીઢા ગુનેગારો પાક આર્મી તથા સરકારની રહેમનજર હેઠળ છેક લાઇન ઓફ કંટ્રોલ સુધી પહોંચી જઇ ભારત વિરુદ્ધ ઝેર ઓકતા રહે છે. કાશ્મીર સમસ્યાને સળગતા ઉંબાડિયાની જેમ પાકિસ્તાની શાશકો અને આર્મી આંતરરાષ્ટ્રીય સ્તરે છંછેડતાં રહે છે. એ નિમિત્ત હેઠળ ભારતમાં સરહદી ગામો પર નિર્દોષ નાગરિકોને રંજાડતાં રહે છે. ભારત ગમે તેટલું ઉદારતાપૂર્ણ - ડિપ્લોમેટિક વલણ અપનાવે તો પણ પાકિસ્તાન સુધરવાનું નથી, એ ભીંત પરના લખાણ જેટલું સ્પષ્ટ છે. ભારતીય સૈન્ય કેટલાક આદર્શો અને સિદ્ધાંતોને અનુસરી શક્ય હોય ત્યાં સુધી અથડામણ ટાળવાનું વલણ અપનાવતું રહ્યું છે, એનો ગેરલાભ લઇ પાક પ્રેરિત અને ચીન દ્વારા સમર્થિત વિઘાતક તત્ત્વો ભારતીય સરહદો પર છમકલાં કરતાં રહે છે. નાછૂટકે ભારતીય સેનાએ એનો ચમત્કાર દેખાવો પડ્યો છે. ખાસ તો આ તબક્કે સેનાનું 'મોરલ'ન તૂટી જાય તે સુનિશ્ચિત કરવા આયોજનપૂર્વક ઇંટનો જવાબ પથ્થરથી વાળવાની ફરજ પડી હતી. આર્મીના અઢાર જવાનોની નૃશંસ હત્યા કરીને પાડોશી દેશ - મ્યાંમારનાં જંગલોમાં છુપાઇ ગયેલા આતંકવાદીઓનો સફાયો કરવા માટે સરકારની મંજૂરીથી સેનાએ 'ઓપરેશન ઓલ આઉટ' ને અંજામ આપીને જબરી ધાક બેસાડી છે. એથી ભારત હવે એક હદ પછી વધુ ધીરજ રાખવા કે સહન કરવા તૈયાર નથી, એવો રોકડો મેસેજ ગયો છે. નેશનલ સિક્યોરિટી એજંસી (એન.એસ.એ) ના વડા અજિત ડોભાલ, ભારતીય સૈન્યના વડા દલબીરસિંહ સુહાગ અને સ્થાનિક સેનાપતિએ સાથે મળીને કરેલ આ ઓપરેશન સાચા અર્થમાં 'સર્જિકલ' ઓપરેશન સાબિત થયું છે. મધરાત પછી હાથ ધરાયેલા ઓપરેશનમાં એંશી જેટલા ઉગ્રવાદીઓ માર્યા ગયા છે અને સેનાને કોઇ જ ક્ષતિ પહોંચી નથી. વળી સરહદ પાર જઇને આતંકવાદીઓ પર હુમલો કરવાની કદાચ આ પહેલી ઘટના છે. વડાપ્રધાનના કાર્યાલય દ્વારા મ્યાંમારની સરકારને વિશ્વાસમાં લેવાઇ હોવાનું કહેવાય છે. જો કે આખી કાર્યવાહીને અંજામ આપી દેવાયા પછી મ્યાંમારને જાણ કરાઇ હોવાની વાત પણ ચર્ચાય છે. પાડોશી નાના દેશો સાથે સારા સંબંધો વિકસાવવાની વર્તમાન સરકારની નીતિ આતંકવાદી પ્રવૃત્તિઓ ડામવામાં ઘણી ઉપકારક સાબિત થઇ શકે, તે આ ઘટનાની ફલશ્રુતિ છે. વળી, ભારતને હવે ચીન અને પાકિસ્તાન જેવા પાડોશીઓ ટેકન ફોર ગ્રાન્ટેડ નહીં લઇ શકે, તેવો સંદેશ પણ પહોંચાડી શકાયો છે. એ દૃષ્ટિએ પારા કમાન્ડો ટીમ દ્વારા સંપન્ન થયેલ આ લશ્કરી કાર્યવાહી ભારતીય સૈન્યની પ્રતિષ્ઠામાં નવું છોગું બની રહેશે. ઇઝરાયેલની સ્ટાઇલમાં બે ટુકડીઓ સિફતપૂર્વક હિંદુસ્તાનની સરહદ ઓળંગી વિદેશી ધરતી પર જઇને વેરની વસૂલાત કરી આવી, તેનો મોદી સરકાર પણ સ્વાભાવિક રીતે જ જશ લઇ શકશે. આવી જ કાર્યવાહી ભવિષ્યમાં પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં કે ગુજરાત - રાજસ્થાન કે પંજાબની સરહદ પર થઇ શકે છે. ભારતીય સેના એવી સૈનિક કાર્યવાહી માટે સક્ષમ છે, એવો સંદેશ વહેતો કરીને ભારત સરકારે પાડોશી રાષ્ટ્રોને એમની વિધ્વંસક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓથી વેળાસર વેગળા રહેવાની આડકતરી ચેતવણી પાઠવી દીધી છે. આ સાંકેતિક ઓપરેશન બદલ ભારતીય સેના અને સરકાર - બેઉ અભિનંદનના અધિકારી છે.



### ગાંધીનગરમાં કવિ સંમેલન યોજાયું

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગાંધીનગર ખાતે મંગળવાર રાત્રે સ્ટાફ ટ્રેનીંગ કોલેજના હોલમાં કવિ સંમેલન - કાવ્ય સત્ર - ૫ યોજાયું હતું. જેમાં જાણીતા કવિશ્રી નટવર હેડાઉ, ફિલીપ ક્લાર્ક, ધૈવત શુક્લ, ડૉ. મુકેશ જોશી, ધ્વનિલ પારેખ, ભરત કવિ, ડૉ. દલપત પઢિયાર, ભાગ્યેશ જહા, માધવ રામાનુજ, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, પ્રવિણ ગઢવી, પ્રજ્ઞાબેન પટેલ, કિશોર જીકાદરા અને રજનીકાંત સથવારાએ કાવ્ય પઠન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન નિસર્ગ આહિરે કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




મને નહીં પકડી શકો...હું તો સાચુ ભણ્યો હતો, પરંતુ મારી કાલેજ બોગસ નીકળી... !!

# ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ માટે આજથી બુકલેટ-પીનનંબર

### વિદ્યાર્થી ૧૯ સુધી બુકલેટ અને પીન નંબર મેળવી શકશે

અમદાવાદ, તા.૧૦

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડિગ્રી સમર્સના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે આવતીકાલથી બુકલેટ અને પીનનંબરનું વિતરણ કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ અગાઉ ડિગ્રી એન્જિન્યરીંગમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હોય અને ફાર્મસીમાં પણ રજિસ્ટ્રેશન કરાવવા માંગતા હોય તેઓએ નવેસરથી પીનનંબર મેળવીને રજિસ્ટ્રેશન કરાવવું પડશે. આ માટે વિદ્યાર્થીઓ ૧૯મી જુન સુધી બુકલેટ અને પીન નંબર મેળવી શકશે.

ત્રણ વર્ષ પહેલા ડિ.ગ્રી. એન્જિન્યરિંગ અને ફાર્મસીના અભ્યાસક્રામમાંપ્રવેશ માટે એકજ પીન નંબર આધારે પ્રવેશ કાર્યવાહી કરવામાં આવતી હતી. જો કે પ્રવેશ સમિતિ દ્વારા બી ગ્રુપનાં વિદ્યાર્થીઓને પણ પ્રવેશ માટે લાયક ગણવામાં આવતા હોવાથી હવે ફાર્મસીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અલગથી પીન નંબરનું વિતરણ કરવામાં આવે છે. ફાર્મસીમાં પ્રવેશ માટે એડમિશન કમિટી દ્વારા રાજયમાં ૫૩ જેટલા હેલ્થ સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે. આ હેલ્થ સેન્ટરોની મદદથી આગામી ૨૦મી જુન સુધીમાં ફાર્મસીમાં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ફિઝીક્સ, કેમેસ્ટ્રી, ફરજીયાત વિષય તરીકે અને બાયોલોજી, બાયો ટેકનોલોજી, મેથેમેટીકસ અને ટેકનિકલ વિષય પૈકી કોઈપણ એક સાથે કુલ ગુણનાં ૪૫ ટકાથી વધુ માર્કસ ધરાવતા વિદ્યાર્થીઓ ફાર્મસીમાં પ્રવેશ માટે અરજી કરી શકશે. જયારે અનામત વર્ગના વિદ્યાર્થીઓ ૪૦ ટકા હશે તો પણ પ્રવેશ માટે અરજી કરી શકશે.

રાજયમાં ફાર્મસીની અંદાજે પાંચ હજાર જેટલી બેઠકો ઉપલબ્ધ છે. જો કે આ વખતે જીટીયુ દ્વારા ૧૦ કોલેજોને એડમિશન ઝોનમાં મુકવામાં આવી છે તેમજ ત્રણ કોલેજો બંધ કરવા માટેની દરખાસ્ત કરી છે. જેનાં પગલે ચાલુ વર્ષે અંદાજે ૪૫૦૦ જેટલી બેઠકો ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોથી ફાર્મસીમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની ઉદારતનતા જોવા મળે છે. જેનાં કારણે ગત વર્ષે કુલ ૫૦૦૦ બેઠકો પૈકી માત્ર ૩૫,૦૦૦ બેઠકો ભરાઈ હતી.

### સે-૨૫ બી.બી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલી ધો-૧૨ની માર્ચ ૨૦૧૫ની પરીક્ષામાં શેઠ શ્રી બી.બી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલના બે વિદ્યાર્થીઓએ કેન્દ્રમાં સ્થાન મેળવ્યું છે.

સે-૨૫ શેઠ શ્રી બી.બી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલના ધો-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઉમંગ દેસાઈએ સામાન્ય પ્રવાહમાં ૯૯.૭૫ પર્સન્ટાઈલ રેન્ક મેળવી આઠમો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જયારે શ્વેતા દેસાઈએ આર્ટસમાં ૯૮.૫૯ પર્સન્ટાઈલ રેન્ક મેળવી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે શાળામાં વર્ગદીઠ માત્ર ૨૫ વિદ્યાર્થીઓની સંખ્યામાં ભણાવી વ્યકિતગત ધ્યાન આપવામાં આવતું હોવાથી શાળાએ ૧૦૦ ટકા સિધ્ધિ પ્રાપ્ત કરી હતી.

### ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં આજથી પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગ્રામ્ય કક્ષાએ તા. ૧૧, ૧૨, અને ૧૩મી જૂનના રોજ અને તા. ૧૮, ૧૯ અને ૨૦મી જુનના રોજ શહેરી કક્ષાનો શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે. ગ્રામ્ય કક્ષાએ ૩૫ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. તેમજ શહેરી કક્ષાએ ૮ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ગ્રામ્ય કક્ષાએ યોજાનાર આ કાર્યક્રમ થકી ૫૪૮ શાળાઓમાં કુલ ૧૨,૩૬૧ બાળકોનો -વેશ ધોરણ૧માં કરવામાં આવશે. જયારે શહેરી કક્ષાએ ૪૪ શાળાઓમાં ૧૦૬૨ બાળકોનો ધોરણ૧માં -વેશ કરાવવામાં આવશે. તે ઉપરાંત શહેરી કક્ષાએ ૧૫૬ અને ગ્રામ્ય કક્ષાએ ૨૦૨ મળીને કુલ ૩૫૮ વિદ્યાર્થીનીઓને વિધાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.

૧૦૦ ટકા નામાંકન અને સાર્વત્રિકરણના નિર્ધાર સાથે ગુજરાત રાજયમાં ઓછી સ્ત્રી સાક્ષરતા ધરાવતા વિસ્તારોમાં મુખ્યમંત્રીશ્રી તથા સમગ્ર મંત્રીમંડળ, રાજયકક્ષાના તમામ અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ ઉપરાંત જિલ્લા તાલુકાના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓના માર્ગદર્શન અને રાહબરી હેઠળ જૂન ૨૦૧૫ દરમ્યાન ગ્રામ્ય અને શહેરી કક્ષાએ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવની આનંદમય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલ એમ ચાર તાલુકાઓમાં કુલ ૨૯૪ ગામોમાં તથા ગાંધીનગર શહેર સહિત છ શહેરી વિસ્તારોમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ કાર્યક્રમ ૨૦૧૫ યોજાશે. જેમાં ૧૦૦ ટકા નામાંકન તથા શાળા છોડી ગયેલા બાળકોના પુનઃ -વેશનો કાર્યક્રમ નિર્ધારિત કરવામાં આવ્યો છે.




### યુવાનોની જીવનકથા રજૂ કરતી ફિલ્મ 'યુવા'

આજના યુવાનોની જીવન કથાને આવરી લેતી ફિલ્મ 'યુવા' ૨૬ જૂનના રોજ રિલિઝ થઈ રહી છે. ફિલ્મ 'આજકાલ' ગૃપના ધનરાજ જેઠાણી દ્વારા નિર્માણ કરવામાં આવી છે. ત્યારે 'યુવા' ફિલ્મ એ ધનરાજ જેઠાણી દ્વારા નિર્માણ કરવામાં આવેલી ત્રીજી ફિલ્મ છે. ફિલ્મની સ્ટોરી, સંગીત, યુવાનોને આકર્ષિત કરશે. આ ફિલ્મને નિહાળવા ફિલ્મ રસિકોને જણાવ્યું છે.

### લોકમિલાપ દ્વારા ખ્યાતનામ લેખકોના પુસ્તકોનું વેચાણ

પુસ્તક એ મનુષ્યના મન માટે સાબુનું કાર્ય કરે છે. પુસ્તકો જીવનમાં ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. એકાંતમાં પણ સાથ આપી શકે તેવો કોઈ સહભાગી હોય તો તે પુસ્તક છે. ત્યારે લોકમિલાપ દ્વારા ઉત્તમ શ્રેણીના દસ પુસ્તકો અડધી કિંમતે આપવાની યોજના અમલી બનાવવામાં આવી છે.

ગુજરાતના શ્રેષ્ઠ લેખકો ઉમાશંકર જોશી, કાકા સાહેબ કાલેલકર, કિશોરલાલ મશરુવાળા, ગિજુભાઈ બધેકા, ગુણવંત શાહ, ઝવેરચંદ મેઘાણી, ફાધર વાલેસ, મનુભાઈ પંચોલી, વિનોબા ભાવે દ્વારા લિખિત પુસ્તકો અડધી કિંમતે વેચાણ આપવામાં આવશે. પુસ્તકો મેળવવા ઈચ્છુક સાહિત્ય પ્રેમીઓએ લોક મિલાપ સરદારનગર, ભાવનગરનો સંપર્ક કરવા વ્યવસ્થાપકે જણાવ્યું છે.

### આંગણવાડીના બાળકોને હવે આરોગ્ય કીટ આપવા તૈયારી

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ શાળા પ્રવેશોત્સવવેળા આંગણવાડીના બાળકોને આરોગ્ય કીટ આપવાની ઈચ્છા ધરાવે છે. શિક્ષક આજીવન શિક્ષક રહે છે એ ઉક્તીને સાર્થક કરવા સાથે બાળ આરોગ્ય સંભાળનો પોતાનો અનેરો માતૃ વાત્સલ્ય ભાવ રાજયવ્યાપી કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવ અભિયાન દરમ્યાન પ્રગટ કરી રહ્યા છે. આનંદીબેન પટેલ પોતે જે સ્થળે શાળા પ્રવેશોત્સવ અભિયાનમાં માર્ગદર્શન માટે જવાના છે તે ગામની આંગણવાડીના ભૂલંકાઓ માટે પોતે વ્યક્તિગત દેખરેખમાં તૈયાર કરાવેલી બાળ આરોગ્ય કીટનું વિતરણ કરવાના છે. સ્વચ્છતાના સહજ ગૂણો બાળપણથી જ કેળવાય તેવા અભિગમ સાથે મુખ્યમંત્રી આ કીટમાં વ્યક્તિગત સ્વચ્છતાની-આરોગ્યની સામગ્રી નેઈલ કટર, કાંસકો, ડેટોલ સાબુ, નેપકીન, સોય દોરા, રબર બેન્ડ તથા સોફ્રામાઈસીન ટ્યૂબ અને બેન્ડ એઈડ જેવી રોજીંદી જરૂરિયાતની સામગ્રી મૂકીને જે તે ગામની આંગણવાડીના ભૂલંકાઓના પોતાના પ્રવાસ દરમિયાન સ્વહસ્તે આપશે. મુખ્યમંત્રી શિક્ષણ સુધારણા સાથે જ સ્વચ્છતા-આરોગ્ય સંભાળના હંમેશા ચુસ્ત આગ્રાહી રહ્યા છે તેને વાચા આપતા તેઓ વ્યક્તિગત રસ લઈ આવી કીટનું બાળકોને વિતરણ કરશે. મુખ્યમંત્રી પ્રાથમિક શાળાના બાળકોમાં રાષ્ટ્રભાવ અને સમાજ ચેતના પ્રોત્સાહિત કરતાં સરફરોશી પુસ્તક શ્રેણીના નાના-મોટા સેટ પણ શાળાઓને બાળ વાંચન માટે ભેટ કરવાના છે.

### મહિલા આઈટીઆઈમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

મહિલા આઈ.ટી.આઈ. સેકટર-૧૫ ગાંધીનગર ખાતે ધોરણ-૧૦ પાસ બહેનો માટે એક વર્ષના તાલીમી કોર્ષ વિનામૂલ્યે ચાલે છે. કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ (કોપા) ડેસ્કટોપ પબ્લિશિંગ ઓપરેટર (ડી.ટી.પી.) હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર, સુઈંગ ટેકનોલોજી ફેશન ડિઝાઈન એન્ડ ટેકનોલોજીના કોર્સમાં પ્રવેશ મેળવવા માટે www.itiadmission.guj.nic.in પર ઓનલાઈન ફોર્મ ભરી તા. ૨૦મી જૂન સુધી સંસ્થા ખાતે રૂબરૂ જમા કરાવવાનું રહેશે. વધુ માહિતી માટે સંસ્થા ખાતે રૂબરૂ સંપર્ક ફોન નં. ૦૭૯૨૯૨૮૮૫૨, ૯૪૨૯૪૦૫૭૧૩ કરવા જણાવેલ છે.

### ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજે ચોપડા વિતરણ

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે ચોપડા વિતરણ કરવામાં આવી રહ્યા છે. શહેરમાં વસતા સમસ્ત ખાખરિયા છાસઠ સમાજના વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની નકલ લઈને ચોપડા લેવા જવાનું રહેશે. સેકટર-૧ થી ૧૫માં રહેતા કુટુંબોએ કાન્તિભાઈ પ્રજાપતિ પ્લોટ નં. ૧૦૮૧, સેકટર-૬-બી ખાતેથી તેમજ સેકટર-૧૬ થી ૩૦માં વસતા કુટુંબોએ ભરતભાઈ પ્રજાપતિ બ્લોક નં. ૨૦, સહકાર કોલોની સેકટર-૨૫ ખાતેથી મેળવી લેવાના રહેશે. ફુલસ્કેપ ૧૨ નંગ ચોપડાના રૂ. ૧૫૦ લેવામાં આવશે તેમ ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજે જણાવ્યું છે.

# 'સ્વદેશી' અંગે મહાત્મા ગાંધીના તાત્ત્વિક વિચારો ધર્મથી છૂટી પડેલી રાજકીય પ્રવૃત્તિને શબની પેઠે અગ્નિસંસ્કાર કરવો જોઇએ

ગુરુ ગોખલેની આજ્ઞા અનુસાર મૂંગા મોંએ ભારત પરિભ્રમણે નીકલેલા મોહનદાસ કરમચંદ ગાંધીએ જયારે બોલવાની જરુરીયાત જણાય ત્યારે બોલ્યા હતા. ૯મી જાન્યુઆરી ૧૯૧૫ના તેઓ સ્વદેશ પરત ફર્યા તેના એક વર્ષ બાદ તા. ૧૪ મી ફેબ્રુઆરી ૧૯૧૬માં મદ્રાસની મિશનરી પરિષદમાં વકતવ્ય આપતા તેમણે પોતાના 'સ્વદેશી' અંગેની સહજ સમજણના વિચારો રજૂ કર્યા હતા. ઇસાઇ પાદરીઓને અને સંસ્થાઓને ધર્માંતરણ કરાવવાની પ્રવૃત્તિ છોડીને માત્ર પરોપકારી કાર્યો ચાલુ રાખવાની હિમાયત તેમણે કરી હતી.

'ગો થી અન્ટુ ઓલ ધી વર્લ્ડ' એટલે તમે આખી દુનિયા સુધી પહોંચો - એ સંદેશ કંઇક સંકુચિત રીતે સમજવામાં આવ્યો હોય અને તેનો ભાવ ભૂલાઇ જવામાં આવ્યો હોય? એવા પ્રશ્ન કરવાની સાથે તેઓ ખ્રિસ્તી ધર્મ પ્રચારકને બે ટૂંક કરે છે. 'મારા અનુભવથી કહું છું કે ઘણાંખરાંએ ધર્માંતરણ કેવળ નામનું જ કર્યું હોય છે. કેટલાકો ઉપદેશોની ઉત્તમતાને લીધે તેમ કરતા નથી, પરંતુ ભૂખમરાને લઇને તેમ કરવા દોરાય છે અને દરેકની બાબતમાં ધર્માન્તરથી એક એવો દોષ રહી જાય છે કે જે અપરિહાર્ય છે.'

બાપુ વધુમાં વધુ કહે છે, આ વચન કહેવા ટાણે મારી સ્થિતિ ખાંડાની ધાર પર ચાલનારા પુરુષના જેવી છે. છતાં મારા વિષયનો આ ભાગ બંધ કરતા હું એમ કહેવા ઇચ્છું છું. અને તેમ કરવા માટે હું ક્ષમા નથી યાચતો. તે સમયના યુરોપની સ્થિતિને લક્ષમાં લેવાનો નિર્દેષ કરતા તેઓ કહે છે યુરોપમાં અત્યારે વર્તી રહેલા ભયંકર અત્યાચારથી એમ જણાય છે કે શાંતતાની મૂર્તિ નેઝરથવાસી જિસસને સંદેશ યુરોપમાં ભાગ્યે જ સમજવામાં આવ્યો છે. હિન્દુ ધર્મ કે પૂર્વના કોઇ ધર્મની શ્રેષ્ઠતા વર્ણવ્યા વગર મહાત્મા ગાંધી યુરોપમાં ફેલાયેલી અશાંતિ અને બર્બરતાને જોતાં જિસસનો સંદેશ સમજવા માટે, સ્પષ્ટીકરણ કરવા માટે પૂર્વની મદદ પણ લેવી પડે એમ વદે છે.




ધર્મના વિષયમાં તમારી સહાયતા માંગી છે અને મારી બતાવેલી રીતે આપવી તમારા હાથમાં છે. આવી જ રીતે રાજકીય વિષયમાં પણ તે મેળવવાની હું આશા રાખું છું. એવો ઉલ્લેખ કરતા મહાત્મા ગાંધી કહે છે ધર્મનો રાજકીય પ્રવૃત્તિ સાથે સંબંધ નથી. ધર્મથી છૂટી પડેલી રાજકીય પ્રવૃત્તિને શબની પેઠે અગ્નિસંસ્કાર કરવો જોઇએ એવી તીખી પ્રતિક્રિયા વ્યક્ત કરતા પાદરીઓને કહે છે ખરી રીતે જોતાં રાજકીય પ્રવૃત્તિ ઉપર તમારી અસર મૂંગે મોઢે પણ કંઇ જેવી તેવી નથી. ધર્મને રાજકીય પ્રવૃત્તિથી છૂટો પાડવામાં આવ્યો નથી આજે પણ એ જ રીતે બંને સાથ સહકારમાં ચાલે છે. ધર્મ અને રાજકીય પ્રવૃત્તિના મેળાપીપણાંને આજે બંનેની જે અધોગતિ થઇ છે તેવી અધોગતિ જો અલગ અલગ રીતની પ્રવૃત્તિ હોત તો અધોગતિ આવી થઇ શકી ન હોત.

મહાત્મા ગાંધી પોતાની સ્વદેશી ભાવનાનું પાલન કરતો હોવાના ઉલ્લેખ સાથે દેશી સંસ્થાઓ ઉપર લક્ષ આપે છે. ગ્રામ પંચાયતોને વળગી રહીને હિન્દુસ્તાનને જોવાની સ્વદેશી ભાવનાને વ્યક્ત કરતાં તેઓ કહે છે હિંદ ખરેખર એક પ્રજાસત્તાક દેશ છે. આ પ્રજાસત્તાક વિચાર અને અમલને કારણે જ હિંદુસ્તાન અત્યાર સુધી તેના પર કરવામાં આવેલા દરેક પ્રહાર સામે ટકી શક્યું છે. રાજા હોય કે અમીર ઉમરાવ, પછી તે હિંદી હો કે પરદેશી હો - દરેક માત્ર કર ભેગો કરવા જ જનસમૂહના સંબંધમાં આવતા હતા. પ્રજા પણ રાજાનો ભાગ આપી છૂટતી અને પછી પોતાની રુચિમાં આવે તેવું ઘણુંયે કરતી.

સજ્જડ જ્ઞાતિ વ્યવસ્થાને કારણે ઓછા વણખાયેલા અને વધુ વગોવાયેલા હિંદની જ્ઞાતિ બંધારણની વ્યવસ્થાએ પ્રજાની ધાર્મિક જરુરીયાતો અને રાજકીય આવશ્યકતાઓને પહોંચી વળવા સમર્થતા પેદા કરી હતી એવો વિચાર વ્યક્ત કરતા મહાત્માએ જ્ઞાતિ વ્યવસ્થા દ્વારા ચાલતા ગ્રામ વ્યવહારો પર દૃષ્ટિપાત કરાવ્યો હતો. અને તે દ્વારા રાજસત્તાના જુલમની સામે પ્રજા થતી. જે પ્રજા જ્ઞાતિ વ્યવસ્થા ઉત્પન્ન કરવા સમર્થ થઇ છે તેમાં વ્યવસ્થા કરવાની અદ્ભૂત શક્તિ નથી એમ કહેવું અઘટીત છે.

તે સમયે થોડા વખત પહેલાં હરદ્વારમાં ભરાયેલાં મોટા કુંભમેળામાં દૈનિક ૧૦ લાખ શ્રદ્ધાળુઓને દેખીતા કોઇ પ્રયત્ન વિના ખોરાક પાણી પૂરો પાડવાનું કામ બની શક્યું હતું. આવી વ્યવસ્થા રચવામાં કેટલી ચતુરાઇ વાપરવામાં આવી હશે છતાં અમારામાં (હિંદીઓમાં) વ્યવસ્થા કરવાની શક્તિ નથી એમ કહેવાની પ્રથા પડી છે, એમ મહાત્મા મુક્ત મને પાદરીઓને સરળ શબ્દોમાં સટીક વાત કરે છે.

(સંદર્ભ : ૧૬૯, મદ્રાસની મિશનરી પરિષદમાં સ્વદેશી વિષે ભાષણ, ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૩, પૃષ્ઠ : ૨૦૨ થી ૨૦૪.) (લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)